# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાનના આરંભ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી.**
2. **આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સૌથી મોટા મહા રક્તદાન શિબિર.**
3. **બનાસ ડેરીની ચૂંટણી આગામી દસમી ઓક્ટોબરના રોજ યોજાશે.**
4. **અમદાવાદમાં ગુનાખોરી નિયંત્રણમાં હોવાનું જણાવતાં પોલીસ કમિશનર.**
5. **દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી સાથે યલો અલર્ટ જાહેર.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# SWASTH NARI SHAKTI ABHIYAN

આજથી બીજી ઓક્ટબર ગાંધી જયંતી સુધી યોજાનારા “સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન”નો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશવ્યાપી વર્ચ્યુઅલ શુભારંભ થવા જઇ રહ્યો છે..

જેના ઉપલક્ષ્યમાં કેન્દ્રીય મંત્રી, શ્રમ અને રોજગાર, રમતગમત અને યુવા બાબતોના મંત્રાલયના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આજે સવારે કાર્યક્રમ યોજાશે.

---

# RAKTADAN SHIBIR AMDAVAD (PAGE 1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જન્મદિવસ નિમિત્તે આજથી સમગ્ર દેશમાં સેવા પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ થશે.

આ પ્રસંગે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે વિશ્વની સૌથી મોટી મહા-રક્તદાન શિબિર યોજાવા જઈ રહી છે. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા યોજાનારી શિબિરનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યૂઅલ માધ્યમથી ઉદ્ઘાટન કરશે. આ અંગે તેરાપંથ યુવક પરિષદના સભ્ય મુકેશ ગુગલિયાએ વધુ માહિતી આપી.

## (BYTE: MUKESH GUGALIYA)

અમદાવાદ ખાતે આયોજિત રાજ્યવ્યાપી મહારક્તદાન કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા. તેમણે આ મહારક્તદાન કાર્યક્રમને માત્ર ઉજવણી નહીં, પરંતુ જીવન બચાવવાનો મહાયજ્ઞ ગણાવ્યો.

ઉલ્લેખનીય છે કે , એક જ દિવસમાં 56 હજાર 256 યુનિટ રક્ત એકત્ર કરવાનો નવો વિશ્વ વિક્રમ નોંધાયો. રાજ્યમાં 378 સ્થળોએ 'નમો કે નામ રક્તદાન' કાર્યક્રમનું આયોજન કરાયું જેમાં કુલ 2 લાખ 21 હજારથી વધુ રક્તવીરો દ્વારા રજિસ્ટ્રેશન કરાવાયું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના ઉપલક્ષમાં "ઓપરેશન સિંદૂર" અને "નમો કે નામ રક્તદાન " અંતર્ગત જૂના સચિવાલય , ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે "નમો કે નામ રક્તદાન" મેગા બ્લડ ડોનેશન ડ્રાઇવનો પ્રારંભ કરાવ્યો.

રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવી સાથે ઉત્સાહભેર રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને અભિનંદન પાઠવી , તેમના આ જીવનરક્ષક કાર્યની સરાહના કરી. રાજ્ય કર્મચારી મહામંડળ , રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો , રાજ્યના તમામ શૈક્ષણીક તેમજ વહિવટી કર્મચારી મંડળો મદદગાર પરિવારના આયોજનથી ગુજરાતે વિશ્વ વિક્રમ સર્જ્યો , 1 દિવસમાં 1 લાખથી વધુ રક્તદાતા , 300થી વધુ રક્તદાન શિબિરો યોજાઇ.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેથી સાંસદ શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમાં મહારક્તદાન શિબિરનો પ્રારંભ થયો. જ્યારે પ્રાંતિજ અને વડાલી ખાતે ધારાસભ્યની ઉપસ્થિતમાં રકતદાન યોજાયું હતું. જિલ્લાના આઠે તાલુકામાં 56 હજારથી વધુ બોટલ રક્ત એકત્રિત કરાયું.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે 12 વાગે શ્રી સોમનાથ મહાદેવને વિશેષ મનોરથ રૂપે 75 કિલોના લાડૂનો ભોગ અર્પણ કરાશે.

**અમરેલી ખાતે આજે નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના માર્ગદર્શન નીચે રકતદાન કેમ્પનું આયોજન કરાયું.**

---

# CM UMIYADHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગર જિલ્લાના જાસપુર ખાતે નિર્માણ પામી રહેલા વિશ્વ ઉમિયાધામની મુલાકાત લીધી . એક હજાર 551 ધર્મસ્તંભ પર તૈયાર થઈ રહેલા આ મંદિર અંગે વિશ્વ ઉમિયા ફાઉંડેશનના પ્રમુખ આર. પી. પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ - આર.પી.પટેલ, વિશ્વ ઉમિયા ફાઉંડેશન પ્રમુખ)

---

## BANAS DAIRY ELECTION

**બનાસકાંઠા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. પાલનપુરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી અંગે ચૂંટણી અધિકારી તથા જિલ્લા પુરવઠા અધિકારી બનાસકાંઠા, પાલનપુર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.**

**જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા મોકલવામાં આવેલી કામચલાઉ મતદાર યાદી અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.**

**ઉમેદવારી પત્રો ૨૨મી સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સવારે 11 કલાકથી બપોરે ત્રણ કલાક કલાક સુધી સ્વીકારવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી 23મી સપ્ટેમ્બરે, ઉમેદવારી પત્રોની યાદી 24 અને ઉમેદવારી 29મી સુધી પરત ખેંચી શકાશે. આ ચૂંટણીનું મતદાન દસમી ઓક્ટોબરના રોજ સવારે નવથી પાંચ**

**કલાક સુધીનું રહેશે. મતગણતરી 11મી ઓક્ટોબરે કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાશે.**

---

# POLICE CONFERENCE AHMEDABAD

અમદાવાદમાં પોલીસ કમિશ્નર કચેરી ખાતે ગઈકાલે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. પોલીસ દ્વારા આગામી સમયમાં નવરાત્રી માટે કરાયેલી વિશેષ વ્યવસ્થા "શી" ટીમની તૈયારી, જનરક્ષક 112 પ્રતિસાદ સમય પ્રતિસાદ સમય સહિતનાં મુદ્દાઓ અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. પોલીસ કમીશ્નર જી.એસ. મલિકે જણાવ્યું કે, શહેરમાં કાયદો-વ્યવસ્થા સંપૂર્ણ રીતે નિયંત્રણમાં છે.

(બાઈટ – જી.એસ.મલિક)

---

## STATE RAIN + WEATHER

**રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 20 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સૌથી વધુ વલસાડના કપરાડામાં અઢી ઇંચ જેટલો જ્યારે તાપીના વ્યારામાં દોડ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે..**

**હવામાન વિભાગ દ્વારા આગામી 22 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી 24 કલાક માટે**

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે , જેના માટે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , હવે ધીમે ધીમે ગુજરાતમાંથી વરસાદની ઋતુ વિદાય લઈ રહી છે. જોકે , આવનારી નવરાત્રીમાં ખેલૈયાઓનો ઉત્સાહ થોડો ભીનો થઈ શકે છે , કારણ કે નવરાત્રી દરમિયાન પણ હળવા વરસાદની શક્યતા રહેલી છે તેમ હવામાન વિભાગન વડા ડૉક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું.

## બાઇટ- ડૉ.એ.કે.દાસ , વડા હવામાન વિભાગ

---

## BRIDGE CLOSER

વાહનચાલકોની સલામતી માટે જર્જરિત પુલોને અવરજવર માટે બંધ કરીન તેમનું સમારકામ કરવામાં આવી રહ્યું છે , જે અંતર્ગત તાપી અને ડાંગમાં પુલોને અવરજવર માટે બંધ કરાયાં છે. જેમાં અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાંથી પ્રસાર થતો નેશનલ હાઇવે નંબર - 56 ભારે વાહનોની અવર જવર માટે હાલ પૂરતો બંધ થયો.

વાપીથી શામળાજીને જોડતા હાઇવે બંધ કરાયો. કાંજણ અને માલોઠા ગામની વચ્ચેના હાઈવે રોડ પર આવેલ ગરનાળુનો અમુક ભાગ બેસી જતા સલામતીના ભાગરૂપે માર્ગ બંધ કરાયો.

ડાંગના અમારા પ્રતિનિધિના જણાવ્યાં અનુસાર ડાંગ જિલ્લાનો ધવલીદોડ-ધુડા-પીપલાઈદેવી રોડ ઉપરનો માઈનોર બ્રિજ ભારે કોમર્શિયલ વાહનો માટે વધુ

એક માસ માટે બંધ કરાયો. ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આ બ્રિજનુ તાંત્રિક તજજ્ઞો દ્વારા નિરીક્ષણ કરાયા બાદ તેમના અહેવાલ અનુસાર આ બ્રિજ પુઅર કેટેગરીમા જણાતા તેને વધુ એક માસ માટે બંધ કરાયો છે.

---

## AIRPORT

અમદાવાદ એરપોર્ટ પર સ્થાપત્યોનું લોકાર્પણ કરાયું હતું. ટર્મિનલ-2 ઉપર અલગ અલગ ત્રણ થીમ આધારિત સ્થાપત્યો રજૂ કરાયાં છે. ગુજરાતની સ્વતંત્રતા ચળવળ, સાંસ્કૃતિક ઓળખ ઉત્સવની ભાવનાઓ કલાત્મક રીતે દિવાલો ઉપર રજૂ કરાઇ છે. હોલમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલના ત્રિપરિમાણિય શિલ્પો તેમજ ઉત્તરાયણની ઉજવણી આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

---